# ... પર મિલીયન વેક્સિનેશનમાં ગુજરાત દેશભરમાં પ્રથમ

ગુજરાતે વિશ્વવ્યાપી મહામારી કોરોના સામે રક્ષણાત્મક ઉપાય સમાન કોરોના વેક્સિનેશન અન્વયે પર મિલીયન એટલે કે દર દસ લાખ લોકોએ વેક્સિનેશન અંતર્ગત પાંચ લાખ ૧૭ હજાર વ્યક્તિઓનું વેક્સિનેશન કરીને દેશભરમાં અગ્રીમ સ્થાન મેળવ્યું છે

ગુજરાતમાં કોરોના વેક્સિનેશનના ૭૫ લાખ ડોઝ જુલાઈ-૨૦૨૧ દરમ્યાન થયા છે. એટલું જ નહિ, તા.૩૧મી જુલાઈ સુધીમાં ગુજરાતમાં કોરોના વેક્સિનેશન ૩ કરોડ ૩૨ લાખ ૬૫ હજાર ૯૭૫ ડોઝ આપવામાં આવ્યા છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની અધ્યક્ષતામાં મળેલી કોર કમિટીની બેઠકમાં રાજ્યમાં કોરોના વેક્સિનેશનની કામગીરીની સમીક્ષા દરમ્યાન આ વિગતો આપવામાં આવી હતી

રાજ્યમાં ૧૮ વર્ષથી ઉપરની વયના રસીકરણ માટે પાત્રતા ધરાવતા કુલ ૪ કરોડ ૯૩ લાખ ૨૦ હજાર ૯૦૩ લોકોમાંથી ૫૦ ટકા ઉપરાંત એટલે કે ૨ કરોડ ૫૩ લાખ ૩૨ હજાર ૦૨૩ લોકોને અત્યાર સુધીમાં કોરોના વેક્સિનનો પ્રથમ ડોઝ આપી દેવાયો છે અને ૭૯ લાખ ૩૩ હજાર ૯૫૨ લોકોને બીજો ડોઝ આપવામાં આવેલો છે. સમગ્રતયા, ગુજરાતે તા.૩૧ જુલાઈ-૨૦૨૧ સુધીમાં ૩ કરોડ ૩૨ લાખ ૬૫ હજાર ૯૭૫ ડોઝ કોરોના વેક્સિનના આપ્યા છે.



મધુર ડેરીના બોર્ડ મેમ્બરના સભ્યોની બેઠક અને સાધારણ સભાનું આયોજન હોટલ અંજલી ધણપ ખાતે કરવામાં આવ્યું હતું. મધુર ડેરીના ચેરમેન ડૉ. શંકરસિંહ રાણા આ બેઠકમાં ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# માઉન્ટ આબુમાં પવન સાથે ભારે વરસાદ

## અનેક વૃક્ષો ધરાશાયી થતાં વાહનોને નુકસાન : રાજસ્થાનના માઉન્ટ આબુમાં પ્રવાસીઓનો ધસારો જોવા મળી રહ્યો છે, વરસાદના કારણે વાતાવરણ આહલાદક બન્યું

માઉન્ટ આબુ,તા.૩૧

રાજસ્થાનના માઉન્ટ આબુમાં પ્રવાસીઓનો ઘણા સમયથી ધસારો જોવા મળી રહ્યો છે. ઉપરથી છેલ્લા એક અઠવાડિયાથી વરસી રહેલા વરસાદ અને પવનના કારણે ત્યાંનું વાતાવરણ એકદમ આહલાદક બન્યું છે. માઉન્ટ આબુમાં કુદરતે જાણે લીલી ચાદર ઓઢી લીધી હોય તેવા દ્રશ્યો પણ જોવા મળી રહ્યા છે. જો કે, વરસાદ અને પવને કેટલીક જગ્યાએ તારાજી પણ સર્જી છે. ભારે વરસાદના કારણે હિલ સ્ટેશન માઉન્ટ આબુમાં ઘણા વૃક્ષો ધરાશાયી થયા છે.

વરસાદ અને પવનના કારણે વૃક્ષ નીચે ઉભી રાખેલી ગુજરાતીઓની પાંચ જેટલી ગાડીઓને પણ નુકસાન પહોંચ્યું હતું. આ વાતની જાણ થતાં જ વહીવટી તંત્રના અધિકારીઓ તરત જ ત્યાં આવી પહોંચ્યા હતા અને વૃક્ષ હટાવવાની કામગીરી શરુ કરવામાં આવી હતી. વૃક્ષ નીચે પાર્ક કરેલી પાંચમાંથી બે કારમાં તો ડ્રાઈવર પર બેઠા હતા. જો કે, નસીબજોગે કોઈ જાનહાનિ થઈ નહોતી. ઉલ્લેખનીય છે કે, માત્ર માઉન્ટ આબુ જ નહીં પરંતુ ગુજરાતભરમાં પણ છેલ્લા કેટલાક દિવસથી ધીમે-ધીમે વરસાદ પડી રહ્યો છે.

અમદાવાદમાં પણ વરસાદી ઝાપટા પડી રહ્યા છે અને આખો દિવસ વાદળછાયું વાતાવરણ રહે છે. જેના કારણે ઠંડક પણ પ્રસરી ગઈ છે. અમદાવાદમાં આજે (૩૧ જુલાઈ) વહેલી સવારથી ઝરમર ઝરમર વરસાદ વરસી રહ્યો છે. આગામી બે દિવસ પણ અમદાવાદ સહિત ગુજરાતભરમાં ધીમા વરસાદની હવામાન વિભાગની આગાહી છે. ૨ અને ૩ ઓગસ્ટે ભારતીય હવામાન વિભાગે સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર અને મહેસાણા જેવી જગ્યાએ ધોધમાર વરસાદની આગાહી કરી છે.

# વિપક્ષના નેતાએ ગંદકી મુદ્દે પાલિકા પ્રમુખને અત્તર આપ્યું

## પાલનપુર નગરપાલિકાની સાધારણ સભા : સભા શરૂ થાય તે પહેલાં વિરોધ પક્ષના નેતાના શહેર ગંદકી અને અને ગટરો નગરી બની ગઈ હોવાના આક્ષેપો

પાલનપુર, તા.૩૧

બનાસકાંઠા જિલ્લાના પાલનપુર નગરપાલિકામાં કોન્ફરન્સ હોલ ખાતે આજે સાધારણ સભા મળી હતી. જેમાં શાસક તેમજ વિરોધ પક્ષના સભ્યો હાજર રહ્યાં હતા. ચીફ ઓફીસરની ઉપસ્થિતિમાં મળેલી આ સભામાં વિરોધ પક્ષ દ્વારા એજન્ડાનાં વિવિધ મુદ્દાઓને લઈ વિરોધ દર્શાવવામાં આવ્યો હતો. જેને લઈ સભાખંડમાં હોબાળાના દ્રશ્યો સર્જાયાં હતાં. બીજી તરફ સભા શરૂ થાય તે પહેલા જ વિરોધ પક્ષના નેતા અંકિતાબેન ઠાકોરે શહેર ગંદકી અને અને ગટરો નગરી બની ગઈ હોવાના આક્ષેપો સાથે પાલિકા પ્રમુખને અત્તર તેમજ સ્પ્રે આપી કહ્યું હતું કે લ્યો સાહેબ આ અત્તર રાખો, આખું શહેર ગંધાય છે. એમ કહી શહેરને અત્તરોની નગરી જેવી બનાવવા જણાવી વિરોધ દર્શાવ્યો હતો. વિપક્ષ નેતા અંકિતાબેન ઠાકોરે જણાવ્યું હતું કે નગરપાલિકા બને લગભગ ચારથી પાંચ મહિના થઈ ચુક્યા છે પરંતુ વિકાસ ના નામે હજુ મીંડું છે, એટલે આજે અમે પ્રમુખને અત્તરની ભેટ આપી છે. પાલનપુર નગરી એટલે અત્તરોની નગરી કહેવાતી હતી. પરંતુ અત્યારે ગટરોની થઈ ગઈ છે એટલે બંનને પાંચ મહિના પ્રમુખ થઈ ગયા છે એટલે ભાન કરાવ્યું કે બેન તમે ચેમ્બરમાંથી અને ફાઈલોમાંથી બહાર આવો અને પાલનપુરના વિકાસના કામોમાં ધ્યાન આપો. જ્યારે આ અનોખા વિરોધ મામલે નગરપાલિકાના ચીફ ઓફિસર સતીષ પટેલનું કહેવું છે કે મને અત્તરની બોટલ આપી જ નથી. હું તો સામાન્ય સભામાં બેઠો હતો અને નેતા વિપક્ષ ત્યાં આવી મૂકી ગયા. જ્યારે વિપક્ષના વિરોધ મામલે પાલનપુર નગરપાલિકા પ્રમુખ હેતલ પટેલે કહ્યું હતું કે માત્ર વિરોધ કરવાથી વિકાસ થતો નથી.



**અહો આશ્ચર્યમ્..!!! : લીમડાના વૃક્ષ પર વડનો ઘોડ..!!!**

માનવીએ વિકાસની લ્હાયમાં પ્રકૃતિનું નિકંદન કાઢવામાં પાછું વળીને જોયું નથી જેના માઠા ફળ માનવી ક્લાઈમેટ ચેન્જથી માંડીને કોરોના મહામારીના સ્વરૂપે ભોગવી રહ્યો છે. જો કે પ્રકૃતિ ક્યારેય ફરિયાદ નથી કરતી, સીધા પરિણામ જ આપે છે અને પ્રકૃતિની પાઠશાળામાં નિરંતર નવા પાઠ ઉમેરાતાં જાય છે કેમકે પોતાનો રસ્તો જાતે શોધવાનું પ્રકૃતિનો પોતાનો સ્વભાવ છે. ગાંધીનગરના ચ-માર્ગ પર જિલ્લા પંચાયત ભવન આગળ વૃક્ષોની હારમાળામાં પ્રકૃતિનું અનોખું સ્વરૂપ જોવા મળી રહ્યું છે જ્યાં લીમડાના વૃક્ષના થડમાંથી વડલો ઉગી નિકળ્યો છે. જોતાં જ આશ્ચર્ય અનુભવાય તેવી આ જુગબંધી પ્રકૃતિપ્રેમીઓમાં ચર્ચાનો વિષય બની છે.

# ગુજરાત રાજ્યમાં હજુ પણ વરસાદની ૨૯ ટકા ઘટ

## આગામી ત્રણ દિવસ ભારે વરસાદની આગાહી : હાલ ગુજરાતમાં વરસાદી માહોલ સર્જાયો છે, રાજ્યનાં કેટલાક જિલ્લાઓમાં ધોધમાર વરસાદ થયો છે

અમદાવાદ,તા.૩૧

હાલ ગુજરાતમાં વરસાદી માહોલ સર્જાયો છે. રાજ્યનાં કેટલાક જિલ્લાઓમાં ધોધમાર વરસાદ થયો છે, તો ઉત્તર ગુજરાતમાં હજી વરસાદની ઘટ છે. ત્યારે હવામાન વિભાગની આગાહી પ્રમાણે, રાજ્યમાં આગામી ૩ દિવસ ભારે વરસાદ વરસશે. આ ત્રણ દિવસ ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં અને સૌરાષ્ટ્રમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. આ સાથે ૩ ઓગસ્ટે ભારે વરસાદનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. નોંધનીય છે કે, રાજ્યમાં અત્યાર સુધી સીઝનનો ૩૩ ટકા જ વરસાદ નોંધાયો છે. જ્યારે હજુ પણ ૨૯ ટકા વરસાદની ઘટ છે. આ સાથે હવામાન શાસ્ત્રીએ મીડિયા સાથેની વાતચીતમાં આગાહી કરતા જણાવ્યું હતું કે, ઓગસ્ટની શરૂઆતમાં મધ્યપ્રદેશમાં ભારે વરસાદ થશે જેના લીધે નર્મદા નદીનું જળસ્તર વધે. દક્ષિણ ગુજરાતમાં પણ તાપી નદીનું જળસ્તર વધે. દક્ષિણ ગુજરાતના ભાગોમાં પણ ભારે વરસાદ થવાની શક્યતા રહેશે. સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં પણ સારો વરસાદ થવાની શક્યતા રહેશે. ગુજરાતમાં પાંચથી ૮ ઓગસ્ટ સુધીમાં કેટલાક ભાગોમાં ભારે વરસાદ થવાની શક્યતા રહેશે. જેમાં ઉત્તર-મધ્ય ગુજરાતના ભાગોમાં પણ ભારે વરસાદ થવાની શક્યતા રહેશે. હવામાન વિભાગે પોતાની આગાહીમાં જણાવ્યું છે કે, આ ત્રણ દિવસ દક્ષિણ ગુજરાત સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાત સહિતના વિસ્તારોમાં ભારે વરસાદ વરસી શકે છે. જ્યારે ગીર, સોમનાથ, નવસારી, પોરબંદર, વલસાડ સહિત પથંકમાં મેઘમહેર થઈ શકે છે. આ સાથે અમદાવાદ, ગાંધીનગર, સુરત, વડોદરા, રાજકોટ, તેમજ દીવ દમણ, અને દાદરાનગર હવેલીમાં પણ સારો એવો વરસાદ પડી શકે છે. રાજ્યમાં આ ચોમાસાનો સૌથી વધુ વરસાદ વલસાડમાં ૩૩.૭૦ ટકા વરસાદ થયો છે. અત્યાર સુધીમાં દક્ષિણ ગુજરાતમાં ૨૦.૨૩ ઈંચ સાથે સિઝનનો સૌથી વધુ એટલે કે ૩૫.૧૯ ટકા વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત કચ્છમાં ૫.૨૭ ઈંચ સાથે ૩૦.૨૫ ટકા, ઉત્તર ગુજરાતમાં ૭.૯૫ ઈંચ સાથે ૨૮.૧૬ ટકા, પૂર્વ-મધ્ય ગુજરાતમાં ૩૦.૫૬ ઈંચ સાથે ૩૦.૦૮ ટકા, સૌરાષ્ટ્રમાં ૮.૭૭ ઈંચ સાથે ૩૧.૮૯ ટકા વરસાદ નોંધાયો છે. મહેસાણા જિલ્લામાં આ સિઝનનો ૩૪.૯૦ ટકા, પાટણનો ૪૧.૭૬ ટકા તથા બનાસકાંઠામાં ૨૫.૯૬ ટકા વરસાદ નોંધાયો છે. અમદાવાદ શહેરમાં છેલ્લા કેટલાય દિવસોથી સતત વાદળછાયું વાતાવરણ જોવા મળી રહ્યું છે. પરંતુ વરસાદ હાથતાળી આપી રહ્યો છે.

# ધાનેરાના વાસણ ગામેથી અપહરણ કરી રૂપિયા ૧૫ લાખની ખંડણી માંગનાર ૬ ઈસમો પકડાયા

## ધાનેરા અને એલસીબી પોલીસનું સફળ ઓપરેશન : ૬ લાખનો મુદ્દામાલ જપ્ત : ગણતરીના કલાકોમાં બે અપહરણ કરાયેલ યુવકોનો હેમખેમ છુટકારો

ધાનેરા તાલુકાના વાસણ ગામેથી દિનકરભાઈ અને વિજયકુમારનું અપહરણ કરી રૂપિયા ૧૫ લાખની ખંડણી માંગવાની ફરિયાદ નોંધાતા ધાનેરા અને એલસીબી પોલીસ હરક્તમાં આવી હતી અને રાજસ્થાનના રાણીવાડા તાલુકાના મૈત્રીવાડા ગામ પાસે આવેલી હોટલ ગુરુકૃપામાંથી છ આરોપીને ઝડપી પાડી ગણતરીના કલાકોમાં અપહરણ કરાયેલ બન્નેને હેમખેમ છોડાવ્યા હતા. તેમજ ઝડપાયેલા આરોપીઓ પ્રતાપસિંહ રૂપજી દેવડા (રહે.ગોલા તા.ધાનેરા જી. બનાસકાંઠા), સુમેરસિંગ હુકમસિંહ રાજપુત (રહે.ચારડા તા.ધાનેરા જી.બનાસકાંઠા), મનોહરસિંગ હડમતસિંગ ભાટી (રહે. કુશીપ તા.સિવાણા જી.બાડમેર હાલ રહે.રાણીવાડા ભીનમાલ ફાટક પાસે તા.રાણીવાડા જી.જાલોર), રાજડ મહમદઅલી રતનખાન સીંધી (રહે. ભોરડા તા.આવર જી.જાલોર) સોબસીંગ તનેસીંગ રાજપુત (રહે.દુધડા તા.શિવ જી.બાડમેર), જય રાજેશભાઈ નાગર (રહે.અમદાવાદ રવિદીપ એપાર્ટમેન્ટ હાટકેશ્વર સી.ટી.એમ અમદાવાદ ) ને ઝડપી લઈ લુટમાં ગયેલ સોનાની ચેન તથા સોનાનુ લોકેટ તથા મોબાઈલ ફોનો તથા ગુનામાં વાપરેલ ગાડી વિગેરે મળી કુલ ૬ લાખ જેટલા મુદ્દામાલ સાથે ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી આ તમામ ઈસમોને ઝડપી પાડયા હતા જેથી ધાનેરા પોલીસ અને એલસીબી પોલીસની કામગીરીને ધાનેરાના લોકોએ પણ બિરદાવી છે અને અપહરણ થનાર બંને લોકોને સહીસલામત બચાવી લેતાં પોલીસ તેમજ તંત્રએ પણ રાહતનો શ્વાસ લીધો છે.

# એસ.કે. પટેલ કે.જી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં ઓનલાઈન ડો. એક્ટિવિટી યોજાઈ

ગાંધીનગર, તા. ૩૧

સેક્ટર-૨૩ ખાતે આવેલી એસ.કે. પટેલ કે.જી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ દ્વારા ઓનલાઈન ડૉ ની એક્ટિવિટી રાખવામાં આવી હતી. જેમાં શિક્ષિકાઓએ બાળકોને ઓનલાઈન ક્લાસમાં ડો વડે વિવિધ વસ્તુઓ શીખવી જેમાં બાળકોએ ઈયળ, ફૂલ, સૂર્ય, પતંગિયું, ગણપતિની મૂર્તિ, દ્રાક્ષ, પોતાના નામનો અક્ષર, આઈસક્રીમ કોર્ન જેવી વિવિધ વસ્તુઓ ડો માંથી બનાવી હતી. આ એક્ટિવિટીમાં વાલીઓએ બાળકોને સાથ સહકાર આપીને ડો એક્ટિવિટી સફળ બનાવી હતી.

# ગાંધીનગર ડી.પી.એસ.નો ધો.૧૨નાં સીબીએસઈ પરિણામમાં ઉત્કૃષ્ઠ દેખાવ

દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગરના સીબીએસઈ બોર્ડ દ્વારા જાહેર કરાયેલા પરિણામમાં ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓના ઉત્તમ પ્રદર્શન બદલ મેનેજમેન્ટ, પ્રિન્સિપાલ અને શિક્ષકો દ્વારા બધા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા છે. વિજ્ઞાન પ્રવાહમાં અમ્રિતા યાદવ ૯૭.૬ ટકા અને વાણિજ્ય પ્રવાહમાં પ્રાર્થના કૌરાની ૯૬.૬ ટકા મેળવીને શાળાના ટોપર બન્યા છે. શાળાના ૧૫ વિદ્યાર્થીઓએ ૯૫ ટકાથી ઉપર અને ૫૩ વિદ્યાર્થીઓએ ૯૦ ટકાથી ઉપરનો સ્કોર કર્યો છે તથા વિજ્ઞાન પ્રવાહમાં સરેરાશ ૮૮.૧ ટકા અને વાણિજ્ય પ્રવાહમાં સરેરાશ ૮૩.૧ ટકા પરિણામ પ્રાપ્ત કર્યુ છે. શાળાના આચાર્યએ વિદ્યાર્થીઓને સતત માર્ગદર્શન અને સહયોગ આપનાર શિક્ષકોને પણ શુભેચ્છા પાઠવી છે.

## મહાનગર ભાજપાના વ્યવસાયિક સેલ ટીમની જાહેરાત

પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર મહાનગર ભાજપા પ્રમુખ ઋચિરભાઈ ભટ્ટ દ્વારા મહાનગરના વ્યવસાયિક સેલ ટીમની જાહેરાત કરવામાં આવી છે. જેમાં કિરણભાઈ પટેલ, અલ્પેશભાઈ પ્રજાપતિ, પ્રકાશભાઈ પટેલ, જે.કે. પટેલ, સુરેશભાઈ એન. પટેલ, કિશોરભાઈ ગોપલાણી, ગૌરાંગભાઈ પટેલ, રામસિંહ વણઝારા અને સમીરભાઈ ઠકકરને વ્યવસાયિક સેલ ટીમમાં પસંદગી કરાયા છે.




**સુંદરધામ પરિવાર દ્વારા શિવકથા યોજાઈ**

સુંદરધામ પરિવાર દ્વારા આયોજીત શિવકથા શ્રી મહાકાલેશ્વર મહાદેવના સાનિધ્યમાં તારીખ ૧૯થી ૨૫ જુલાઈ સુધી યોજાઈ હતી. જેમાં ભારતીબાપુની વ્યાસપીઠે સંગીતમય કથાનું રસપાન સૌ શિવભક્તોએ ખૂબ પ્રેમથી કર્યુ હતુ. કથામાં ગાંધીનગર સહિત આજુબાજુના ગામના યાત્રીકો જોડાયા હતા. તથા કથામાં ધાર્મિક પ્રસંગો પણ ખૂબ ધામધૂમથી ઉજવાયા હતા.

# ધનસુરામાં આજે વેક્સિનનો બીજો ડોઝ જ આપવામાં આવશે

ધનસુરા તાલુકામાં આજે વેક્સિનનો બીજો ડોઝ જ આપવામાં આવશે તા. ૧-૮-૨૧ના રોજ જે લોકોને વેક્સિનનો બીજો ડોઝ લેવાનો છે માત્ર તેમને જ બીજો ડોઝ આપવામાં આવશે જેને લઈ રસીકરણનો પ્રથમ ડોઝ રવિવારે ઉપલબ્ધ નહીં થાય આરોગ્ય મંત્રાલયની માર્ગદર્શિકા મુજબ પૂરતા દિવસો થયા હોય તેવી વ્યક્તિઓને જ બીજો ડોઝ અપાશે. ૧ તારીખના રોજ સમગ્ર રાજ્યમાં આ વિશેષ અભિયાન છે જે અંતર્ગત ધનસુરા તાલુકામાં પણ નાગરિકોને બીજો ડોઝ જ આપવામાં આવશે કોવીશિલ્ડ વેક્સિનના પ્રથમ ડોઝના ૮૪ દિવસ પછી બીજો ડોઝ અને કોવેક્સિનના પ્રથમ ડોઝના ૨૮ દિવસ પછી બીજો ડોઝ લઈ શકાય. પહેલા ડોઝ પછી કોઈ વ્યક્તિ કોવિડ પોઝિટિવ થયા હોય તો સાજા થયાના ત્રણ મહિના પછી બીજો ડોઝ લઈ શકાય

## મોરપીંછના રંગ ● પાના ૪થાનું ચાલુ...

હોય તો એ એ છે કે આપણી સામે જ્યારે પણ કોઈ નવી વાત આવે ત્યારે આપણે એને શંકાની નજરે જોઈએ છીએ. મૂલવીએ છીએ. પરિણામે એ વાત આપણે જે રીતે સમજવી જોઈએ તે રીતે સમજી શકતા નથી. કેમ કે એ સમજતી વખતે આપણી બુદ્ધિના દરવાજે જ શંકાનો એક મોટો કીડો બેઠો હોય છે જે પોઝિટીવ સમજણને અંદર જવા દેતો નથી અને નકામા નેગેટિવ વાયરસો ઊભા કરીને આપણા માનસને બગાડે છે આપણને યથાવત પરિસ્થિતિમાં જ રાખે છે. અને આપણે આવેલી તકને ગુમાવી દઈએ છીએ. હું માનું છું કે આવું તમારી સાથે કેટલીયે વાર બન્યું હશે જ. અને માણસમાત્રનો સ્વભાવ છે કે જે વસ્તુંમાં એક વાર છેતરાયા હોય એમાં ફરીવાર ના પડવું. અથવા જે ધંધામાં એક વાર નિષ્ફળ ગયા હોઈએ એમાં ફરીથી પ્રયત્ન ના કરવો. આવી બધી માન્યતા કે સમજણ લઈને આપણે જીવતા હોઈએ છીએ જે રીતે લાખો કરોડો લોકો જીવે છે.

મિત્રો, આપણે કદી નવું વિચારતા જ નથી. જે જિંદગી મળી છે, જે પરિસ્થિતિ મળી છે જે શિક્ષણ મળ્યું છે અનુભવો મળ્યા છે, જે સંસ્કાર મળ્યા છે જે સમજણ મળી છે એ બધુ લઈને આપણે વર્ષોથી ખુબ ઓછી આવકમાં જીવતા રહ્યા છીએ. આપણા નિર્ણયો જ આપણા પરિવારના સુખ દુઃખનું કારણ હોય છે. બાળપણથી જ સંજોગો, પરિસ્થિતિ અને એને કારણે આપણામાં વિકસેલી અસમજણ આપણને ક્યારેય આગળ વધવા દેતી નથી. કે નવું સાહસ કરવા દેતી નથી. કેમ કે આપણી બુદ્ધિને દરવાજે ૨૪ કલાક શંકાનો એક મોટો કીડો બેઠો જ હોય છે. અને આ કીડાને સોમાંથી બે ચાર લોકો જ મારી શકતા હોય છે જે આપણી આસપાસ હોય છે આપણા કરતા ઓછી આવડત હોવા છતાંય આપણા કરતા વધુ કમાતા હોય છે.

તો આવો, આપણે સૌ સાથે મળીને આપણી દુનિયા બદલીએ. જીવનમાં કંઈક પરિવર્તન લાવવાની હિંમત કેળવીએ, આપણા સૌના જીવનમાં એક એવી તક આવે જેની કદાચ આપણે વર્ષોથી રાહ જોઈ રહ્યા હોઈએ. અથવા એ તક આપણી રાહ જોઈ રહી હોય. અને એ તકને ઓળખવાની ઈશ્વર આપણને સૌને શક્તિ આપે અને સૌનું જીવન એક ઉત્સવ બનાવે. અસ્તુ.

9426060601.india@gmail.com

## શાનદાર ઉજવણી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વ્યવસ્થા ગોઠવાશે. શહેરમાં ઘરે ઘરે રોશની થાય તેમજ દિપ પ્રાગટ્ય કરીને ઝળહળા કરાશે. આ ઉપરાંત બાળકો માટે વકતૃત્વ સ્પર્ધા યોજાશે જેમાં વિજેતાઓને ઈનામ વિતરણ કરાશે. ગાંધીનગરના જન્મદિવસને યાદગાર બનાવવા માટે આસ્થા સેવા યજ્ઞ તેમજ ઋષિવંશી સમાજ સેવાના પ્રમુખ હેમરાજ રામજીભાઈ પાડલીયા મહામંત્રી ભગવનદા વિઠ્ઠલપરા, ભાવેશ ચૌહાણ, યુવા ફોર ન્યુ ઈન્ડિયાના પ્રમુખ સંજીવ મહેતા, લોકકલ્યાણ ટ્રસ્ટના મંત્રી કુમારભાઈ લીમાની, મફાભાઈ દેસાઈ સહીતના અગ્રણીઓ પણ ઉજવણીને શાનદાર બનાવવા માટે સહયોગ આપશે.

## ૧૦૦% પરિણામ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

૧૦ના પરિણામના ૫૦ %, ૧૧માના પરિણામના ૨૫ % અને ધોરણ ૧૨માં એકમ કસોટીના ૨૫% માર્ક લેવાયા છે. ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં ૨ લાખ ૧૦ હજાર ૩૭૫ વિદ્યાર્થીઓ અને ૧ લાખ ૮૯ હજાર ૭૫૨ વિદ્યાર્થીનીઓ નોંધાઈ છે. ત્યારે માસ પ્રમોશનને કારણે કુલ ૪ લાખ ૧૨૭ રેગ્યુલર વિદ્યાર્થીઓનું પરિણામ આજે જાહેર કરવામાં આવ્યું છે. ધો.૧૨ સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ અને ઉ.ઉ.બુનિયાદી પ્રવાહના વર્ષ ૨૦૨૧ના નિયમિત ઉમેદવારોની પરીક્ષા રદ કરીને શિક્ષણ વિભાગે નિયમિત વિદ્યાર્થીઓનું પરિણામ તૈયાર કરવાની નીતિ જાહેર કરી હતી. જે અનુસાર જાહેર કરેલ નીતિ મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા પ્રાપ્ત સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ અને ઉ.ઉ.બુનિયાદી પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક શાળાઓ દ્વારા નિયમિત વિદ્યાર્થીઓના ગુણ બોર્ડની વેબસાઈટ પર અપલોડ કરવામાં આવ્યા હતા. જેના આધારે બોર્ડ દ્વારા નિયમિત વિદ્યાર્થીઓનું પરિણામ તૈયાર કરવામાં આવ્યું છે.

## પોરા મળ્યા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અંતિમ દિવસ હતો. હવે પછી પુનઃ આવુ અભિયાન યોજવામાં આવશે જેમાં દંડનીય કાર્યવાહીનું શસ્ત્ર ઉગામવામાં આવશે તેમ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

જિલ્લામાં વાહકજન્ય રોગચાળો નિયંત્રણમાં રહે તે માટે જિલ્લાના ૧૨૦૦ જેટલા કર્મયોગીઓ દ્વારા આ સઘન સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યુ હતુ.

## દરેક કામમાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તમે એવા સમયે કેરિયર શરુ કરી રહ્યા છો જ્યારે ભારતના દરેક ક્ષેત્રણાં પરિવર્તન આવી રહ્યુ છે.તમારી કેરિયરના ૨૫ વર્ષ ભારતના વિકાસના પણ ૨૫ મહત્વના વર્ષ હશે.તમારી તૈયારી આ બાબતને ધ્યાનમાં રાખીને હોવી જોઈએ. પીએમ મોદીએ આગળ કહ્યુ હતુ કે, કોરોના સામેની લડાઈમાં પોલીસ કર્મીઓ આગળ રહ્યા છે.કેટલાક શહીદ પણ થયા છે અને હું તેમને શ્રધ્ધાંજલિ આપુ છું અને તેમના પરિવારો પ્રત્યે સંવેદના પ્રગટ કરુ છું.છેલ્લા કેટલાક વર્ષોમાં પોલીસ ફોર્સમાં મહિલાઓની ભાગીદારી વધારવા માટે સતત પ્રયાસો કરાયા છે.મહિલાઓ પોલીસ ફોર્સમાં વિન્રમતા, સહજતા અને સંવેદનશીલતાના મુલ્યોને વધારે મજબૂત બનાવે છે.

## સંન્યાસ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ત્યારે બાબુલ સુપ્રીયોને મંત્રીમંડળમાંથી પડતા મુક્યા હતા. સુપ્રિયો મોદી સરકારના કાર્યકાળમાં પણ મંત્રી હતા. સુપ્રિયોએ કહ્યું કે લોકોની સેવા કરવા માટે રાજનીતિમાં રહેવાની જરૂર નથી. તે રાજનીતિથી અલગ થઈને પોતાના ઉદ્દેશ્યને પણ પૂરા કરી શકે છે. તેના તરફથી તે વાત પર ભાર આપવામાં આવ્યો છે કે તે હંમેશા ભાજપનો ભાગ રહ્યા છે અને રહેશે. તે કહે છે કે તેના આ નિર્ણયને 'તે' સમજી જશે. છેલ્લા કેટલાક દિવસથી બાબુલ સુપ્રિયોના મૌન અને ભાજપમાં તેની ઓછી થતી ભૂમિકા પર ઘણા પ્રકારના સવાલ ઉઠી રહ્યા હતા. અટકળો હતો કે બાબુલ કોઈ મોટો નિર્ણય લઈ શકે છે. હવે તેણે પોતાની સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા તે તમામ વિવાદો પર વિસ્તારથી વાત કરી છે. તેણે કહ્યું કે, પાર્ટી સાથે મારા કેટલાક મતભેદ હતા. તે વાતો ચૂંટણી પહેલા બધાની સામે આવી ચુકી હતી. હાર માટે હું જવાબદારૂ લઉ છું, પરંતુ બીજા નેતા પણ જવાબદાર છે. મહત્વનું છે કે હાલમાં મોદી સરકારના મંત્રીમંડળના થયેલા વિસ્તારમાં બાબુલ સુપ્રિયોને બહાર કરી દેવામાં આવ્યા હતા. તેમની પાસેથી મંત્રી પદેથી રાજીનામુ લેવામાં આવ્યું હતું. ત્યારે પણ સુપ્રિયોએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી હતી.